# ડીસામાં એસ.ટી. વિભાગ દ્વારા સાવચેતીના ભાગરૂપે મેગા ડ્રાઈવ

## એક પણ ડ્રાઈવર પીધેલો ન પકડાયો, બસના તમામ ડ્રાઈવરનું બ્રિથ એનલાઇજર મશીન દ્વારા ચેકીંગ

ડીસા, તા. ૧૮

ડીસા સહિત સમગ્ર રાજ્યમાં વધતા જતા એસ.ટી. બસોના અકસ્માત અને મુસાફરોની સલામતી જળવાય તેના માટે એસ.ટી. વિભાગ દ્વારા એક મેગા ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. જેમાં જુદા વિભાગના ડેપોમાં નોકરી કરતા તમામ બસના ડ્રાઈવરનું બ્રિથ એનલાઈજર મશીન દ્વારા ચેકીંગ કરવામાં આવ્યું હતું અને આ મશીન દ્વારા ડ્રાઈવર નશામુક્ત છે કે નહીં તેની ખાતરી કરવામાં આવી હતી.




સમગ્ર રાજ્યમાં આ ઝુંબેશ હાથ ધરવામાંઆવી હતી. આ રેન્ડમને લઈ ચેકીંગ દ્વારા કોઈ જ ડ્રાઈવર નશાયુક્ત હાલતમાં મળેલ નહિ.

ગુજરાત રાજ્ય એસ. ટી. વિભાગ દ્વારા સતત વધતા જતા અકસ્માતોની સંખ્યાં ઘટાડવા અને મુસાફરોની સલામતી માટે એક રેન્ડમલી મેગા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના તમામ ડેપો ખાતે આ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું અને તેના ભાગરૂપે ડીસા ડેપોમાં પણ લાઈન ચેકીંગ સ્કવોડ અને સિનિયર ઈન્સ્પેકેટર સિક્યુરિટી શાખા પાલનપુર દ્વારા રેન્ડમલી મેગા ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. જેમાં ડીસા ડેપોના ૨૨ રૂટના ડ્રાઈવર અને અન્ય રૂટના ૨૮ બસોના મળી કુલ ૫૦ જેટલા બસોના ડ્રાઈવરનું બ્રિથ એનાલાઈજર મશીન દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ બાબતે અધિકારીએ જણાવ્યું હતું કે બસના ચાલકો નશાયુક્ત હાલતમાં ડ્રાઈવ કરી અકસ્માત સર્જી મુસાફરોના જીવ જોખમમાં ન મૂકે તે માટે સાવચેતીના ભાગરૂપે આ ડ્રાઈવ યોજાઈ હતી. જેમાં પાલનપુર સિનિયર ઈન્સ્પેકટર સિક્યુરિટી પાલનપુરના અધિકારી અતિતભાઈ લાઈન ચેકીંગ સ્ક્વોડ અમદાવાદના અધિકારીઓ પણ જોડાયા હતા અને આ ડ્રાઈવ સમગ્ર રાજ્યમાં યોજવામાં આવી હતી.

# જોટાણા તાલુકાના મોયણ ગામે ગ્રામસભા યોજાઈ

મહેસાણા, તા. ૧૮

મહેસાણા જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય. દક્ષિણીના અધ્યક્ષસ્થાને જોટાણા તાલુકાના મોયણ ગામે ગ્રામસભા યોજાઇ હતી. જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય. દક્ષિણીએ જણાવ્યું હતું કે જિલ્લામાં વિકાસના વિવિધ કામો થઈ રહ્યા છે. ત્રીસ્તરીય પંચાયત માળખામાં ગામોનો સમતોલ વિકાસ થઈ રહ્યો છે. ગ્રામસભા એ ગામના વિકાસનું હાર્દ છે.

જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય. દક્ષિણીએ મોયણ ગામમાં ગ્રામસભા યોજી હતી. આ ઉપરાંત ગામની આંગણવાડીની મુલાકાત કરી હતી. આંગણવાડીની મુલાકાત દરમિયાન કુપોષણ અભિયાન અંતર્ગત ગ્રામજનોને વાકેફ કર્યા હતા. ગ્રામજનોને ગામમાં એક પણ બાળક કુપોષીત ન રહે તે માટે સમગ્ર ગામને અભિયાનમાં જોડાવા અપીલ કરી હતી.

## અરવલ્લી જિલ્લામાં પત્રકારોના નામે તોડ કરતા

# બે શખ્સોએ રાજસ્થાનના તબીબને દમદાટી અપાતા તબીબે ઢીબી નાખ્યા

ગુજરાતમાં પત્રકારોનો રાફડો ફાટ્યો છે, એમાંયે દિવાળી આવે એટલે શુભેચ્છા જાહેરાત માટે વર્ષમાં એકજ વાર દેખા દેતા પત્રકારો જોવા મળે છે. વગર મહેનતે શોર્ટકટથી રૂપિયા કમાવવા માટે બની બેઠેલા પત્રકારો અધિકારીઓ, કોન્ટ્રાકટરો કે અન્ય સંસ્થાઓમાં જઈ ખોટી રીતે હેરાન કરી સમાચાર પ્રસિદ્ધ કરવાની ધાક બતાવનાર તોડબજોએ માઝા મુકી છે. કેટલાક શખ્સો યૂટ્યૂબ ચેનલ બનાવી અને સમાચાર પત્રની પીડીએફ ફાઈલ બનાવી સમાચાર છાપી દેવાની દમદાટી આપી તોડ કરતી ગેંગથી સરકારીતંત્ર અને પ્રજાજનો તોબા પોકારી ઉઠ્યા છે. જીલ્લા કલેકટર અને જીલ્લા પોલીસવડા પત્રકારોના નામે રંજાડ કરતા શખ્સો સામે કાયદાકીય કાર્યવાહી કરે તેવું પ્રજાજનો અને ધંધાર્થીઓ ઈચ્છી રહ્યા છે.

અરવલ્લી જિલ્લાના કહેવાતા બે પત્રકારો પાડોશી રાજ્ય




રાજેસ્થાનના રતનપુર નજીક એક દવાખાનામાં ઘુસી ગયા હતા. તબીબે બંને પત્રકારોના પગે પહેરેલા પગરખા બહાર કાઢવાનું કહેવા છતાં દાદાગીરીથી બંને દવાખાનામાં ઘૂસી જઈ તબીબની ડિગ્રી વિશે માહિતી માંગતા તબીબ ઉશ્કેરાઈ ગયા હતા અને બંને પત્રકારોને છુટા હાથનો માર ખાવાનો વારો આવ્યો હતો. પત્રકાર અને તબીબ વચ્ચેના બનાવને પગલે આસપાસના લોકો આવી પહોંચતા બન્ને પત્રકારોને ઉભી પૂંછડીએ ભાગવાની નોબત આવી હતી. રાજસ્થાનમાં બે કહેવાતા પત્રકારોને માર પડી હોવાની અને બંને શખ્સો સામે તબીબે પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હોવાની સોશ્યલ મીડિયામાં મેસેજ વાઈરલ થતા કહેવાતા પત્રકારોના કરતૂતથી અન્ય પત્રકારોમાં ભારે રોષ છવાયો હતો. ગુરુવારે અને બીજા દિવસે પણ રાજસ્થાન તબીબને ત્યાં તોડ પાણી કરવા ગયેલા પત્રકારો અંગે સરકારી તંત્ર, ધંધાર્થીઓ અને લોકોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યા હતા.

રાજસ્થાનના તબીબ ડૉ.ભરત ખત્રીએ અરવલ્લી જીલ્લાના કહેવાતા બંને પત્રકારો સામે પોલીસ ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરાતાની સાથે બંને શખ્સોને મોતિયા મરી ગયા હતા અને પોલીસ કાર્યવાહી ન કરવા આજીજી કરવા લાગ્યા હતા અને તબીબ સાથે ગાઢ મિત્રતા ધરાવતા શખ્સની સાથે ઓળખાણના કારણે બંને કહેવાતા પત્રકારોનો છુટકારો થયો હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

# સર્વરના ધાંધિયાથી દિવાળી ટાણે રેશનકાર્ડ ધારકો રાશનથી વંચિત

ડીસા

ડીસા એફ.પી.એસ. પ્રમુખ આર. આર. ઠાકોરે જિલ્લા પુરવઠા અધિકારીને લેખિતમાં જણાવ્યું છેકે છેલ્લા કેટલાક સમયથી બનાસકાંઠા સહિત રાજ્યના તમામ એફ.પી.એસ. સંચાલકો સ્લો સર્વર અને સર્વર બંધ હોય ત્યારે ગ્રાહકોના રોષ નો ભોગ બનતા હોય છે, જ્યારે સરકારશ્રી દ્વારા તમામ દુકાનદારોને કોઈપણ સંજોગો માં મેન્યુઅલ કે આધારફેઈલ વિતરણ કરવાની મનાઈ કરેલ હોઈ તે બાબતે સંચાલકો સરકારને સહકાર આપે છે ત્યારે ગ્રાહકો અનાજના જથ્થાથી વંચિત રહી જતા હોય છે.

વધુ માં જણાવવાનું કે હજુ ચાલુ માસ નું વિતરણ મહદઅંશે બાકી હોઈ તેવા સંજોગોમાં દુકાનદારોને ચોક્કસ સંજોગો માં બીજા ઓપશન દ્વારા વિતરણ કરવાની પરવાનગી આપવામાં આવે જેથી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાનું સાતત્ય પણ જળવાઈ રહે તેમજ કોઈ જરૂરિયાતમંદ સરકારી લાભો થી વંચિત રહી ન જાય તે હેતુસર યોગ્ય નિર્ણય કરવાની માંગ કરી ઉપરોક્ત પ્રશ્ન સમગ્ર રાજ્યનો હોઈ આપણા જીલ્લામાંથી ગાંધીનગર લાગતા વળગતા વિભાગમાં ધ્યાનદોરી તાલુકા કક્ષાએ યોગ્ય હુકમ કરવા માં આવે તે ઈચ્છનીય છે તેમ ઉમેર્યુ હતું.

# ડીસાના રેલ્વે સ્ટેશન પ્રાથમિક શાળામાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

ડીસા, તા. ૧૮

ડીસાની રેલવે સ્ટેશન ખાતે પાંચમાં તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો. આજરોજ ડીસા



રેલવે સ્ટેશન પ્રાથમિક શાળા ખાતે પાંચમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આ વિસ્તારના પ્રજાજનો જોડાયા હતા.

આ કાર્યક્રમમાં રેલવે સ્ટેશન વિસ્તારના લોકોને સ્થળ ઉપર જ આધારકાર્ડ, અમૃતકાર્ડ અને રેશનકાર્ડ જેવા વિવિધ જરૂરી એવા કાર્ડ સ્થળ ઉપર જ કાઢી આપવામાં આવ્યા હતા. તેમજ આ સેવાસેતુ કાર્યક્રમમાં ગરીબ લાભાર્થીને ગેસના કનેક્શન ઈન્ડિયન ગેસ એજન્સીના સંચાલીકા જયાબેનની ઉપસ્થિતિમાં ડીસા મામલતદારના હસ્તે આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સરકારની અનેક વિવિધ યોજનાઓ વિશેની સંપૂર્ણ જાણકારી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપસ્થિત વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા અનેકવિધ યોજનાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. જેમાં ડીસા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત સભ્ય અને તલાટી સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને આ સેવાસેતુ કાર્યક્રમ વિશે સમજ કેળવી હતી.

# બાયડ બજારમાં ધોળે દહાડે જે.કે. આંગડિયા પેઢીની ઓફિસમાં લૂંટ કરનાર દખણેશ્વરના યુવકને દબોચ્યો

બાયડ, તા. ૧૮

બાયડમાં મુખ્ય બજારમાં મેડા પર આવેલી જે.કે. આંગડિયા પેઢીમાં લૂંટારૂઓ ધુસી જઈ ઓફિસમાં ફરજ બજાવતા સોમાભાઈ મણીભાઈ પટેલ પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી ઓફિસમાં રહેલા ૩.૫૦ લાખ રૂપિયાની લૂંટની ઘટનાને વારદાત આપી લૂંટારૂઓ ફરાર થઈ જતા ચકચાર મચી હતી. બાયડ પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી, ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.

બાયડ પીએસઆઈ કે.કે. રાજપૂત અને તેમની બે ટીમે સીસીટીવી કેમેરા ફૂટેજના આધારે શંકાસ્પદ જણાતા યુવક અંગે તપાસ આદરી હતી અને સમગ્ર ઘટનાને ૮૦ દિવસ જેટલા સમય પછી આંગડિયા પેઢીમાં લૂંટને અંજામ આપનાર દખણેશ્વરના ગામના ભાવિક દિનેશભાઈ પટેલને દબોચી લઈ ૨ દિવસના રિમાન્ડ મેળવતા યુવકે રિમાન્ડ



દરમિયાન પોતાને દેવું વધી જતા બાયડની જે.કે. આંગડિયા પેઢીમાં જઈ આંગડિયા પેઢીના કર્મચારીને માથામાં હથોડીના ઘા ઝીંકી ઓફિસમાં રહેલા ૨.૧૨ લાખ રોકડા રૂપિયા, મોબાઈલ અને સીસીટીવી કેમેરાનું ડીવીઆરની લૂંટ કરી લૂંટની ઘટનાને અંજામ આપ્યો હોવાનું કબૂલી લેતા બાયડની આંગડિયા પેઢીમાં થયેલી લૂંટનો ભેદ ઉકેલવામાં સફળતા મળી હતી. બાયડ પોલીસે આ લૂંટની ઘટનામાં અન્ય કોઈની સંડોવણી અંગે સઘન પૂછપરછ હાથ ધરી હતી.

બાયડના દખણેશ્વર ગામના ભાવિક દિનેશભાઈ પટેલ નામના યુવકે આંગડિયા પેઢીમાં લૂંટની ઘટનાને અંજામ આપ્યો હોવાની વાત બહાર આવતા યુવકના પરિવારજનો, મિત્ર વર્તુળ અને ગ્રામજનો સ્તબ્ધ બની ગયા છે અને લૂંટની ઘટનાને ભાવિકે અંજામ આપ્યો હોવાની વાત સ્વીકારવા હજુ પણ તૈયાર નથી.




## જલોતરા ગ્રામ પંચાયતમાં સી.સી.ટી.વી.કેમેરા લગાવાયા

વડગામ તાલુકાની જલોતરા ગ્રામ પંચાયત દ્વારા વહિવટી પારદર્શિતા જળવાઈ રહે તે હેતુસર ગ્રામ પંચાયત પરિસર સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ કરાઈ છે, જેનો શુભારંભ વડગામ તાલુકા વિકાસ અધિકારી એ.એચ. પરમારના હસ્તે કરાયુ હતું. જલોતરા ગ્રામ પંચાયત સરપંચ મંજુલાબેન મોગજીભાઈ ભીલના જણાવ્યા અનુસાર પ્રથમ તબ્બકામા જલોતરા ગ્રામ પંચાયત પરિસર તથા જલોતરા ગામના બે મુખ્ય માર્ગો સી.સી.ટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે. આગામી સમયમાં જલોતરાના તમામ માર્ગો સી.સી.ટીવીથી સજ્જ કરવામાં આવશે. આમ જલોતરા ગ્રામ પંચાયત સી.સી.ટીવી કેમેરાથી સજ્જ વડગામ તાલુકાની પ્રથમ ગ્રામ પંચાયત બનવા પામેલ છે.

# મોંધરી ગ્રૃપ ગ્રામ પંચાયત કચેરીનું મકાન ચોમાસા દરમિયાન ભાડાના મકાનમાં કલ્લેકા ગામમાં ખસેડાયુ

ભિલોડા,તા.૧૮

ભિલોડા તાલુકાની મોંધરી ગ્રૃપ ગ્રામ પંચાયત કચેરીનું મકાન ચોમાસા દરમ્યાન ભાડાના મકાનમાં કલ્લેકા ગામમાં ખસેડાયું હતું. ગ્રામ પંચાયતનો રેકર્ડ બગડતો હોઈ જેના કારણે ગ્રામ પંચાયતમાં બહુમતીથી ઠરાવ પસાર કરીને ગ્રામ પંચાયતનું સ્થળાતર કલ્લેકા મુકામે ભાડાના મકાનમાં કરાયું હતું. કલ્લેકા ગામમાં સત્વરે ગ્રામ પંચાયતનું નવિન મકાન બનાવવા સારૂ પ્રબળ લોક માંગણી છે.

મોંધરી ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ ગીતાબેન અશોકભાઈ પટેલ સહિત ગ્રામ પંચાયત સભ્યોએ જણાવ્યું હતું કે મોંધરી ગ્રૃપ ગ્રામ પંચાયત મત વિસ્તારમાં મોંધરી, મોંધરી છાપરા, કલ્લેકા, શંકરપુરા, શંકરપુરા કંપાનો સમાવેશ થાય છે.

મોંધરી ગ્રૃપ ગ્રામ પંચાયતનું કામચલાઉ કામકાજ કોમ્યુનિટી હોલમાં મોંધરી મુકામે ચાલતું હતું પરંતુ કોમ્યુનિટી હોલ જર્જરીત હાલતમાં હોઈ ચોમાસાની સિઝન દરમ્યાન વરસાદી પાણી ટપકતું હોવાથી ગ્રામ પંચાયતના મકાનનું સ્થળાતર કરવા માટે ગ્રામ પંચાયતના સભ્યોની બેઠક જે તે સમયે બોલાવી બહુમતીથી ઠરાવ પસાર કર્યો હતો. કલ્લેકા મુકામે નવિન ભાડાના મકાનમાં મોંધરી ગ્રૃપ ગ્રામ પંચાયતનું સ્થળાતર કરાયું હતું તે દરમ્યાન સરપંચ, કારોબારી સભ્યો, તલાટી સહિત જાગૃત ગ્રામજનોએ રેકર્ડ સહિત માલસામાનના સ્થળાતર દરમ્યાન હાજર રહ્યા હતા. મોંધરી ગ્રૃપ ગ્રામ પંચાયતના મકાનના સ્થળાતર સંદર્ભે સરપંચએ ભિલોડા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીને લેખીતમાં જણાવ્યું હતું. મોંધરી ગ્રૃપ ગ્રામ પંચાયત મત વિસ્તારના મતદારોની પ્રબળ લોકમાંગણી છે કે સત્વરે કલ્લેકા ગામમાં ગ્રામ પંચાયતનું નવિન અદ્યતન મકાન બનાવવા બાબતે ગ્રામ સભા દરમ્યાન પ્રચંડ બહુમતીથી ઠરાવ પસાર કર્યો હતો.

# ચિલોડા હોમગાર્ડઝ સબ યુનિટ દ્વારા રમતોત્સવ યોજાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત ચિલોડા-શિહોલી ગ્રુપ મા. શાળાના પટાંગણમાં ચિલોડા હોમગાર્ડઝ સબ યુનિટના જવાનો દ્વારા રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ રમતોત્સવમાં વિવિધ સ્પર્ધા જેવી કે



કબડ્ડી, રસ્સાખેંચ, ૧૦૦ થી ૮૦૦ મીટર દોડ, લાંબી કૂદર, ગોળા ફેંકમાં હોમગાર્ડઝ જવાનોએ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ રમતમાં પ્રથમ અને દ્વિતીય વિજેતા ખેલાડીઓને હવે જિલ્લાકક્ષાની રમતોત્સવમાં ભાગ લેશે. તેવુ ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકીએ જણાવ્યુ હતુ.

# હિંમતનગર નગરપાલિકા દ્વારા સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૧૮

હિંમતનગર નગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૧, ૪, ૫નો સેવાસેતુ કાર્યક્રમ ડૉ. નલિનકાન્ત ગાંધી ટાઉન હોલમાં યોજવામાં આવ્યો. કચેરીના સંયુક્ત ઉપક્રમે સફાઈ કામદારોને રોગચાળા અંગે જાગૃતિ શિબિર તેમજ સફાઈ કામદારોનો મેડિકલ હેલ્થ ચેકઅપ કાર્યક્રમ પણ યોજાયો હતો. આ કાર્યક્રમમાં




જેમાં આ વોર્ડ વિસ્તારોના રહીશો દ્વારા આધાર કાર્ડ, આવકના દાખલા, ક્રિમિલિયર, મા અમૃતમ કાર્ડ, મા વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય નિરાધાર વૃદ્ધ પેન્શાન યોજના વિગેરે સરકારી યોજનાઓનો નાગરિકો દ્વારા લાભ લેવાયો હતો.

ડૉ. નલિનકાન્ત ગાંધી ટાઉન હોલની અંદર હિંમતનગર નગરપાલિકા અને તાલુકા આરોગ્ય જિલ્લા ભાજપ પ્રમુખ અને જીયુડીસી ગાંધીનગરના ડિરેક્ટર જે.ડી. પટેલ, પાલિકા પ્રમુખ અનિરૂદ્ધભાઈ એમ. સોરઠીયા તથા જિલ્લા આરોગ્ય અધિકારી, ચીફ ઓફીસર અલ્પેશકુમાર એન. પટેલ, તાલુકા હેલ્થ ઓફીસર અર્બન હેલ્થ સેન્ટરનો સ્ટાફ, ડોક્ટર, નગરપાલિકાના સ્ટાફ કર્મચારીઓ હાજર રહી શિબિરમાં જરૂરી માર્ગદર્શન મેળવી મેડિકલ ચેકઅપ કરાવ્યુ હતુ.

# બાયડ વિધાનસભા મત વિસ્તારમાં ચૂંટણીને પગલે વાહનો પર પ્રતિબંધિત હુકમો જાહેર કરાયા

મોડાસા, તા. ૧૮

મોડાસા-વિધાનસભા પેટા ચુંટણી-૨૦૧૯ અંતર્ગત ૩૨-બાયડ વિધાનસભા મત વિસ્તારમાં ૨૧મી ઓકટોબરના રોજ મતદાન થનાર હોઇ અને મતદાનના દિવસે વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા તથા મતદારો માટે વાહનોના દૂર ઉપયોગ કરી મતદારોને અયોગ્ય રીતે રીઝવી ન શકે તે હેતુથી તેમજ આગામી ચુંટણીઓ દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવતા વાહનોનો દૂર ઉપયોગ થતો અટકાવવાનાં હેતુથી સાવચેતી માટે અરવલ્લી-મોડાસા, જિલ્લા મેજિસ્ટ્રેટ અમૃતેશ ઔરંગાબાદકર આઇ.એ.એસ.ને ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મળેલ સત્તાની રૂએ પ્રતિબંધિત હુકમો જહેર કરાયા છે.

કોઈપણ રાજકિય પક્ષો કે તેમના ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચુંટણી એજન્ટ દ્વારા અથવા તેમની સહમતીથી બીજી કોઇપણ વ્યકિત દ્વારા મતદાનના દિવસે મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક ખાતેથી લઇ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. વિધાનસભાની પેટા ચૂંટણી લડતા દરેક ઉમેદવારોએ પોતાના ઉપ્યોગ માટે સમગ્ર મતદાર વિભાગ પુરતું એકજ વાહન, આ ઉપરાંત યથાપ્રસંગે ચૂંટણી એજન્ટ અથવા કાર્યકર અથવા તેના પક્ષના કાર્યકરોના ઉપયોગ માટે વિધાનસભા મતદાર વિભાગ દીઠ એકજ વાહન વાપરવા હકદાર રહેશે.

ચૂંટણી અધિકારી ધ્વારા અધિકૃત રીતે પરવાનગી આપવામાં આવેલ હોય તેવા વાહનોની ઓળખ સહેલાઈથી પ્રસ્થાપિત થઈ શકે અને ઉમેદવારને બિનજરૂરી અસુવિધા ઉભી ન થાય તે માટે મતદાનના દિવસે ચૂંટણીના ઉમેદવારોએ ચૂંટણી અધિકારી અથવા આ કામે તેઓ ધ્વારા અધિકૃત કરવામાં આલવેલ હોય તેવા સક્ષમ સત્તાધિકારી પાસે આવા વાહનો પરત્વે પરમીટ તેઓની પાસેથી મેળવીને વાહનોની ઉપર સહેલાઈથી જોઇ શકાય તે રીતે વિન્ડસ્કીન ઉપર ડાબી તરફ ઉપરની બાજુ લગાવવાની રહેશે. સદરહુ પરમીટ લગાવ્યા સિવાય વાહનનો ઉપયોગ કરી શકાશે નહિ. આ હુકમનો અમલ અરવલ્લી જિલ્લાના ૩૨-બાયડ વિધાનસભા મતવિભાગ વિસ્તારમાં ૨૧મી ઓકટોબર-૨૦૧૯ના દિવસે કરવાનો રહેશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.



## વાંસળી ગ્રૃપ ગ્રામ પંચાયતમાં ગ્રામ સભા યોજાઈ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંસળી ગામની વાંસળી ગ્રૃપ ગ્રામ પંચાયતમાં ગ્રામ સભા યોજાઈ હતી. ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, ડે. ડી.ડી.ઓ. અરવલ્લી, કાર્યપાલક ઈજનેર સિંચાઈ સ્ટેટ,ટી.ડી.ઓ.ભિલોડા,તાલુકા પંચાયત સદસ્ય,વાંસળી ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ ઈન્દુબેન ભાવિનકુમાર તબીયાર, આચાર્ય,ભિલોડા આદિવાસી નિવાસી શાળા, સ્થાનિક કર્મચારીઓ, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય સરકારની ગાઈડ લાઈન મુજબ મુદ્દાઓ પર વિવિધ અધિકારીઓ, કર્મચારીઓએ ચર્ચા-વિચારણા કરી હતી. સપ્તધારા સાધક સંજયભાઈ બારોટએ આરોગ્ય વિશે જણાવ્યું હતું કે બેટી બચાવો, બેટી વધાવો, બેટી ભણાવો, સગર્ભા માતાની સંભાળ, રસીકરણ, પાણીજન્ય રોગો, પીવાના પાણીમાં ક્લોરીનેશન, બિનચેપી રોગો, કેન્સર, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર તપાસ કેમ્પમાં મા કાર્ડ, આયુષ્યમાન કાર્ડ, કુપોષણ મુક્ત ગુજરાત, સીકલ સેલ સહિત અન્ય આરોગ્ય વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી હતી.